॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

**૯ જાન્યુઆરી ૨૦૨૨ – મહિલા મંડળ** **શ્રેણી – ૧ જવાબ પેપર** **કુલ ગુણ : ૧૦૦**

**(૫૦)**

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૨૪)**

૧. મયલ **મરૂય મણંત મક્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઈ** નામધેયં

૨. અન્નત્થ **ઊસસિએણં નીસસિએણં ખાસિએણં છીએણં જંભાઈએણં ઉડ્ડુએણં** વાયનિસગ્ગેણં

૩. દુવિહં **તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા** તસ્સ ભંતે

૪. તિક્ખુત્તો **આયાહિણં પયાહિણં વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ** કલ્લાણં

૫. સીયલ **સિજ્જસં વાસુપૂજ્જંચ વિમલ મણંતં ચ જિણં ધમ્મં સંતિં ચ** વંદામિ

૬. જે એ **લોગસ્સ ઉત્તમા સિદ્ધા આરુગ્ગ બોહિલાભં સમાહિવર** મુત્તમં દિંતુ

૭. પરિયાવિયા **કિલામિયા ઉદ્દવિયા ઠાણાઓ ઠાણં સંકામિયા જીવિયાઓ વવરોવિયા** તસ્સ મિચ્છામિ

૮. એવા નવમા **સામાયિક વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તંજહા તે આલોઉં** મણ દુપ્પણિહાણે

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૮)**

| | જવાબ |
|---|---|
| ૧. હરિયક્કમણે | **લીલી વનસ્પતિને કચરી હોય** |
| ૨. વિસોહી કરણેણં | **વિશેષ શુદ્ધિ કરવા માટે** |
| ૩. નમો અરિહંતાણં | **અરિહંત ભગવંતોને નમસ્કાર હો** |
| ૪. આયાહિણં | **પોતાના જમણા કાનથી શરૂ કરીને** |
| ૫. ઝાણેણં | **ધર્મધ્યાને કરીને** |
| ૬. સંઘાઈયા | **એકબીજાના શરીરને અથડાવ્યા હોય** |
| ૭. ચેઈયં | **આપ જ્ઞાનસ્વરૂપ છો** |
| ૮. અપ્પાણં | **મારા આત્માને પાપથી** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૮)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|
| ૧. મારું મિથ્યા થાઓ | **મિચ્છામિ** | ૨. બગાસું આવવાથી | **જંભાઈએણં** |
| ૩. સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો | **નમો સિદ્ધાણં** | ૪. માર્ગમાં ચાલવાથી થવાવાળી | **ઈરિયાવહિયાએ** |
| ૫. સત્કાર કરું છું | **સક્કારેમિ** | ૬. નમસ્કાર કરીને | **નમોક્કારેણં** |
| ૭. કચર્યા હોય | **સંકમણે** | | |
| ૮. પાંચ અંગો નમાવીને નમસ્કાર કરું છું | **નમંસામિ** | | |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. નમસ્કાર સૂત્રમાં પહેલો જ શબ્દ નમો શા માટે છે? તે શાશ્વત છે કે અશાશ્વત?

**જ. ધર્મનું મૂળ વિનય છે તે સમજાવવા માટે પહેલો જ શબ્દ નમો છે. તે શાશ્વત છે.**

૨. ગુરૂ ભગવંતોનું સન્માન કેવી રીતે કરવું જોઈએ?

**જ. તેમને યોગ્ય આસન આપવું. વસ્ત્ર–પાત્ર–ગોચરી–પાણી વગેરે વહોરાવવા.**

૩. પંચ પરમેષ્ઠિમાં શરીર કોને હોય અને ઊંઘ કોને આવે?

**જ. સિદ્ધ સિવાયના ચાર પદને શરીર હોય. ઊંઘ આચાર્ય, ઉપાધ્યાયજી, સાધુ–સાધ્વીજીને આવે.**

૪. માતા – પિતાને વંદના કરીને શું કરવું?

**જ. માતાને વંદના કરી માતાના ઉપકાર યાદ કરવા. પિતાને વંદના કરી પિતાના ઉપકાર યાદ કરવા.**

૫. અરિહંત અને સિદ્ધમાં મોટા કોણ? તેમણે કેટલા કર્મ ક્ષય કર્યા છે? તેમાં ઘાતીકર્મ કેટલા? કયા કયા?

**જ. સિદ્ધ. આઠ. ચાર. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય.**

(૧૫)

**પ્ર.૨ માગ્યા પ્રમાણે જવાબ લખો.**

૧. તીર્થંકર – ૯ – **શ્રી સુવિધિનાથ સ્વામી** અને ૨૦ – **શ્રી મુનિસુવ્રત સ્વામી**

૨. ગણધર – ૩ – **વાયુભૂતિ** અને ૮ – **મંડિતજી**

૩. શ્રાવક – ૪ – **સુરાદેવ** અને ૧૦ – **સાલિહીપિતા**

૪. સતી – ૭ – **મૃગાવતી** અને ૧૨ – **કુંતા**

૫. આપણા દેવ કોણ છે? – **અરિહંત દેવ**

૬. કર્મ – ૪ – **મોહનીય** અને ૭ – **ગોત્ર**

૭. તત્ત્વ – ૨ – **અજીવ તત્ત્વ** અને ૬ – **સંવર તત્ત્વ**

૮. છકાયના ગોત્રના નામ – ૧ – **પૃથ્વીકાય** અને ૫ – **વનસ્પતિકાય**

(૧૫)

**પ્ર.૩ (ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. જૈનપણાનો સૂચક શબ્દ કયો છે? તેનાથી કોનું ગૌરવ વધે છે?

**જ. જય જિનેન્દ્ર. જૈનધર્મનું.**

૨. વિનય કરવાથી કયા ગુણો આપણામાં આવે છે?

**જ. વિદ્યા, ત્યાગ, વૈરાગ્ય, વિવેક.**

૩. આઠમ–પાખીમાં શેનો ત્યાગ કરવો જોઈએ અને શું કરવું જોઈએ?

**જ. લીલોતરીનો. નવકારશી આદિ નાનું તપ.**

૪. સંવર પારવાની વિધિ શું છે?

**જ. મારો સંવર પૂરો થયો તેમાં દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. ૧ નમસ્કારનો કાઉસ્સગ્ગ કરવો.**

૫. સામાયિકના ઉપકરણ કયા કયા છે?

**જ. આસન, મુહપત્તિ, ગુચ્છો, રજોહરણ, માળા, પુસ્તક, ઠવણી, ખેસ, ચોલપટ્ટો, આનુપૂર્વી.**

૬. મારા ઉપર કોનો ઉપકાર સૌથી વધુ છે? રોજ સવારે ઉઠીને તેમને શું કહેવું જોઈએ?

**જ. માતા–પિતાનો. તેઓને વંદન કરી જય જનેન્દ્ર કહેવું જોઈએ.**

૭. આંબાનું વૃક્ષ આપણને શું શીખવે છે?

**જ. જેમ જેમ મોટા થઈએ તેમ વધુ ને વધુ નમ્ર બનવું જોઈએ.**

૮. સિનેમા જોવાથી શું નુકસાન થાય છે?

**જ. આંખ બગડે, પૈસા બગડે, મન બગડે, જીવન બગડે.**

૯. સામાયિકમાં કેવા પુસ્તકોનું વાંચન કરવું જોઈએ?

**જ. સમભાવની વૃદ્ધિ થાય ને આત્મજ્ઞાન–ધાર્મિકજ્ઞાનની સમજણ આપે તેવા પુસ્તકોનું વાંચન કરવું જોઈએ.**

૧૦. જગતનો દાસ અને જગતનો માલિક કોણ?

**જ. જે આશાનો દાસ હોય અને આશા જેની દાસી છે.**

**(ખ) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. માતા – પિતાનો ……… સહન કરજો. | **ઠપકો** |
| ૨. વિનયથી ……… જતું રહે છે. | **અભિમાન** |
| ૩. જૈનશાળામાં સૌ પ્રથમ ……… કરી સંવર કે સામાયિક લેવી. | **વંદના** |
| ૪. અમૂલ્ય માનવભવ ગુમાવે તે ……… કહેવાય. | **મૂર્ખ** |
| ૫. ………. જીવોને પીડા, કષ્ટ કે દુઃખ થતું નથી. | **ગુચ્છાથી** |

**(૧૦)**

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. શ્રેણિક રાજાએ અમરકુમારને છાતીએ લગાવીને શું કહ્યું? અમરકુમારે શું જવાબ આપ્યો? (૨×૩)

**જ. હે વત્સ! મને માફ કર. તું માંગે તે હું તને આપીશ. હે રાજન! મારે કાંઈ જોઈતું નથી. મારી પાસે તો મારો નવકાર મંત્ર છે, તે શ્રેષ્ઠ છે, સંસારના બધા દુઃખોને નાશ કરીને અનંત સુખ આપવાની તેમાં શક્તિ છે.**

૨. મહાવીર સ્વામીએ નાગને શું ઉપદેશ આપ્યો?

**જ. ઓ નાગ! બુજ્ઝ! બુજ્ઝ ! તું પણ અમૃતનો દરિયો છે. તું તારા પૂર્વભવનો વિચાર કર. તેં મનુષ્યના ભવમાં ક્રોધ કર્યો, તેથી તું આજે આ નાગનો જન્મ પામ્યો છે, માટે હવે તું સમજ અને ક્રોધ કરવાનું છોડી દે.**

૩. અતિમુકત કુમારનું કયું કામ વડીલ સંતોને પસંદ ન આવ્યું?

**જ. એકવાર ચોમાસામાં અતિમુક્ત મુનિ સ્થવિર મુનિઓ સાથે શરીરના કામ માટે બહાર ગયા હતા, ત્યારે તેમણે એક નાનકડું પાણીનું ઝરણું વહેતું જોયું. બાળસહજ ચેષ્ટાથી તેમણે માટીની પાળી બાંધી અને પાણીને રોકી લીધું તથા તેમાં પોતાનું પાત્ર પાણીમાં તરતું છોડી દીધું. મારી હોડી પાણીમાં તરે છે, મારી હોડી પાણીમાં તરે છે, એમ બોલવા લાગ્યા.**

**(ખ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. સોનૈયા તો ૩૨ લક્ષણા પુત્રના બદલામાં મળવાના છે. | **ઋષભદત્ત બ્રાહ્મણે બ્રાહ્મણીને કહ્યું.** |
| ૨. આપ આ તરફ ન જશો. | **લોકોએ મહાવીર સ્વામીને કહ્યું.** |
| ૩. દેવાનુપ્રિય, હું જૈન સાધુ છું. | **ગૌતમ સ્વામીએ અતિમુક્ત કુમારને કહ્યું.** |
| ૪. અતિમુક્ત મુનિ આ ભવમાં મોક્ષમાં જવાના છે. | **મહાવીર સ્વામીએ વડીલ સંતોને કહ્યું.** |

**(૧૦)**

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.** **(૨×૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧ . જન્મ્યા …….. તન મન. | **પાના નં. ૩૩ કડી ૩/૪** |
| ૨. ચંદનબાળા ……… ટી.વી.થી. | **પાના નં. ૩૪ કડી ૩/૪** |
| ૩. વર્યા છે ……… મુક્તિપદમાં જે. | **પાના નં. ૩૩ કડી ૨/૩** |
| ૪. શું સાધવાનું છે? તે દર્શાવતી કડી લખો. | **સંપ સેવા પાના નં. ૩૪ કડી ૬** |
| ૫. આપણે શું લેવાનું છે? તે દર્શાવતી કડી લખો. | **અમરપદ પાના નં. ૩૪ કડી ૭** |

**જય – જિનેન્દ્ર**